


# આજે શહેરમાં અમિત શાહ

## રામકથા મેદાનમાં ભાજપનું પેજ પ્રમુખ મહા સંમેલન યોજાશે : શહેર ભાજપના કાર્યકર્તાઓમાં અનેરો માહોલ, શહેર ભાજપમય બની ગયું

ગાંધીનગર, તા.૧૦

આવતીકાલે ભારતીય જનતા પાર્ટીનું નોર્થ ઝોન પેજ પ્રમુખોનું મહાસંમેલન ગાંધીનગર મહાનગર ખાતે બપોરે ૨ કલાકે સેકટર-૧૧ રામકથા મેદાન ખાતે યોજાશે. પેજ પ્રમુખના સંમેલનને પગલે શહેર આખું ભાજપમય બની જવા પામ્યું છે. શહેરના હોદેદારો તેમજ કાર્યકર્તાઓમાં અનેરી સ્ફુર્તિનો સંચાર થવા પામ્યો છે. પેજ પ્રમુખના મહાસંમેલનમાં પાટનગરમાં અંદાજે એક લાખથી વધુ કાર્યકરો ઉપસ્થિત રહેશે. ત્યારે રામકથા મેદાન ખાતે છેલ્લી ઘડીની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. રામકથા મેદાનમાં ભવ્ય શામિયાણામાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ કાર્યકર્તાઓને ચુંટણીલક્ષી માર્ગદર્શન આપશે. શહેરમાં આયોજીત મહાસંમેલનને પગલે ઠેરઠેર પોલીસનો ચાંપતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

રાજયમાં આગામી સમયમાં વિધાનસભાની ચુંટણીઓ યોજાવાની છે. ગુજરાત રાજયમાં ભાજપ દ્વારા મિશન ૧૫૦ બેઠકો હાંસલ કરવાનું લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યું છે. ભાજપના કાર્યકરોને પ્રદેશકક્ષાએથી આદેશ મળતા જ ચુંટણીલક્ષી કામગીરીમાં લાગી ગયા છે. વિવિધ સેલ અને મોરચાના કાર્યકરો પણ ચુંટણીલક્ષી કામગીરીમાં લાગી ગયા છે. ત્યારે આવતીકાલે નોર્થ ઝોનના પેજ પ્રમુખોને ચુંટણીલક્ષી માર્ગદર્શન આપવા માટે ગાંધીનગરમાં ભાજપના

● અનુસંધાન પાન-૭ પર







Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com